GP PATIENT SURVEY

# સર્વેક્ષણ વિશે:

### આ સર્વેક્ષણ શા માટે થઇ રહ્યું છે?

જીપી પેશન્ટ સર્વે, પેશન્ટને તેના જીપી પ્રેક્ટિસના અનુભવ પર અભિપ્રાય આપવા માટેની તક પૂરી પાડવા રચવામાં આવેલ છે. સર્વેક્ષણ તમારી સ્થાનિક જીપી સર્જરી અને સ્થાનિક એનએચએસ સેવાઓ વિશેના પ્રશ્નો પૂછશે અને તમારા સામાન્ય સ્વાસ્થ્ય વિશેના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ સર્વેક્ષણ દર્દીઓને, દર્દીઓ માટે બીજી વસ્તુઓ સહિત, તેમની સર્જરીમાં એપોઇન્ટમેન્ટ લેવી જેટલી સહેલી કે અઘરી છે, ખુલ્લા રહેવાના સમય બાબતે સંતોષ, તેમના જીપી અને પ્રેક્ટીસ નર્સો પાસેથી મળતી સંભાળની ગુણવત્તા સમેત અનેક વિવિધ મુદ્દાઓ વિશે પૂછશે.

આ સર્વેક્ષણનો પ્રતિસાદ પેશન્ટના અનુભવને માપશે અને આમ સર્જરીઓને ક્યાં સુધારાઓની જરૂર છે તે સમજવામાં મદદ કરશે. આ સર્વેક્ષણ, દર્દીઓને, તેમની પ્રેક્ટીસ દર્દીઓને આ સેવાઓ પૂરી પાડવામાં કેટલી સારી રીતે કામ કરી રહી છે તે બાબતે, પોતાનો અભિપ્રાય આપવાની તક આપશે.

### આ ખરેખર કોના તરફથી છે?

આ સર્વેક્ષણ NHS Englandની એનએચએસને દર્દીઓની જરૂરિયાતોને વધુ અનુરૂપ બનાવવાની પ્રતિબદ્ધતાનો એક ભાગ છે, અને તે તેઓને લોકોના પોતાની સ્થાનિક એનએચએસ સેવાઓના અનુભવનું વધુ સારું ચિત્ર દર્શાવશે. ઇપ્સોસ મોરી, જે એક સ્વતંત્ર સર્વેક્ષણ એજન્સી છે, તે NHS England વતી આ સર્વેક્ષણ કરી રહી છે.

### શા માટે મને પ્રશ્નાવલિ મોકલવામાં આવી હતી?

તમે પ્રશ્નાવલિ મોકલવામાં આવી હતી કારણ કે ઇંગ્લેન્ડમાં સામાન્ય ચિકિત્સક સાથે નોંધાયેલ વયસ્ક દર્દીઓમાંથી તમે યાદચ્છિક રીતે પસંદ થયા હતા. સામાન્ય ચિકિત્સક દર્દી સર્વેક્ષણના આ તબક્કા માટે ઇંગ્લેન્ડમાં સામાન્ય ચિકિત્સક સાથે નોંધાયેલા લગભગ ૧ મિલિયન વયસ્ક દર્દીઓને પસંદ કરવામાં આવ્યા છે.

## શા માટે આ સર્વેક્ષણ ફરીથી થઇ રહ્યું છે?

જીપી પેશન્ટ સર્વે તેના જીપી પ્રક્ટિસ દ્વારા આપવામાં આવતી કાળજી અને સેવા માટે પેશન્ટના પ્રતિભાવો તેના અનુભવો અને પસંદગીઓ માટે ઉપાય ઉપલબ્ધ કરાવી રહી છે. જો તમે ગયા વર્ષે આ પ્રશ્નાવલી પૂરી કરી હોય, તો પણ અમારે તમારા હાલના અનુભવો જાણવા જરુરી છે, અને આ વર્ષે અમે આમાં દર્દીઓ સાથે સંબંધ ધરાવતા મુદ્દાઓ વિશે વધુ પ્રશ્નોનો સમાવેશ પણ કર્યો છે.

## શું મારે ભાગ લેવો જ પડશે?

ભાગ લેવાનું સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે, માટે તમારે પ્રશ્નાવલિ ભરવી જ પડશે એવું નથી. પણ પરિણામો લોકોના તેમની જીપી સર્જરી કે આરોગ્ય કેન્દ્રોના અનુભવોનું સચોટ ચિત્ર દર્શાવે તે માટે અમારે જુદા-જુદા અનેક લોકોના અભિપ્રાયોની જરુર છે, માટે અમે ઇચ્છીએ છીએ કે શક્ય એટલાં વધુ લોકો પ્રશ્નાવલિ ભરે.

આ સર્વેક્ષણ, દર્દીઓને, તેમની પ્રેક્ટિસ દર્દીઓને સેવાઓ પૂરી પાડવા માટે કેટલી સારી રીતે કામ કરી રહી છે તે વિશે, પોતાનો અભિપ્રાય આપવાની તક છે. અમે આશા રાખીએ છીએ કે આ સર્વેક્ષણમાં ભાગ લેવા માટે પસંદ કરાયેલા દર્દીઓ આ મહત્ત્વના મુદ્દાઓ વિશે તેમનો મત દર્શાવવાની આ તકનો લાભ લેશે. પ્રેક્ટિસો કેવી રીતે કામ કરી રહી છે તે બાબતે, અમને જેટલા વધુ પ્રતિભાવો મળશે તેટલું વધુ સચોટ ચિત્ર અમને મળી રહેશે.

## તમે કેટલી પ્રશ્નાવલિઓ મોકલી રહ્યા છો?

સામાન્ય ચિકિત્સક દર્દી સર્વેક્ષણના આ તબકકા માટે ઇંગ્લેન્ડમાં સામાન્ય ચિકિત્સક સાથે નોંધાયેલા લગભગ ૧ મિલિયન વયસ્ક દર્દીઓને પસંદ કરવામાં આવ્યાછે,તેથી દરેક વર્ષે ઇંગ્લેન્ડમાં અંદાજે ૨ મિલિયન જુદા જુદા દર્દીઓને પ્રશ્નાવલિ મોકલવામાં આવે છે.

## તમે વિવિધ મુદ્દાઓ વિશે પૂછી રહ્યા છો, જેમ કે દર્દીઓને જનરલ પ્રેક્ટિસ અપોઇન્ટમેન્ટ લેવી કેટલી સહેલી કે અઘરી છે, જનરલ પ્રેક્ટિસ અપોઇન્ટમેન્ટના સમય વિશે તમને કેટલો સંતોષ છે, હેલ્થકેર કર્મચારીઓ પાસેથી મળતી સારસંભાળની ગુણવત્તા કેવી છે વગેરે. હું તમને કઈ રીતે મારી GP સેવાના અન્ય પાસાંઓ વિશે કહી શકું કે ફરિયાદ કરી શકું?

તમને તમારા ડૉક્ટર, નર્સ અથવા GP વિશે બીજી કોઈ પણ સમસ્યા કે ફરિયાદ હોય તો ઇપ્સોસ મોરી તમને મદદ નહિ કરી શકે. ઇપ્સોસ મોરી NHS England માટે ફક્ત GP Patient Survey ચલાવે છે.

જો તમે તમારા ડૉક્ટર અથવા GPની સેવાઓ અથવા સારસંભાળ વિશે કંઈ કહેવા કે ફરિયાદ કરવા માંગતા હો તો પહેલા તમારે આરોગ્ય વિભાગનો સંપર્ક સાધવો પડશે. જો તમને કોઈ ફરિયાદ હોય તો દરેક આરોગ્ય વિભાગની ટુકડીના સભ્યોમાંથી એક સભ્ય ફરિયાદો માટે હોય છે અને તે તમારી સાથે સમસ્યા હલ કરવાનો પ્રયત્ન કરશે.

બીજી એક રીતે, તમે NHS England નો સંપર્ક સાધી શકો જે તમારા આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી સેવાઓની સંચાલન કરે છે. અહીં NHS England નો સંપર્ક સાધો:

•ઇમેઇલ: england.contactus@nhs.net "For the attention of the complaints team" ઇમેઇલની સબ્જેક્ટ લાઇનમાં લખો.

•ફોન 0300 311 22 33

નીચેની વેબસાઇટ પર તમે સંપર્ક માટેની બીજી રીતો મેળવી શકો છો:

•https://www.england.nhs.uk/contact-us/complaint/

•http://www.nhs.uk/NHSEngland/complaints-and-feedback/Pages/nhs-complaints.aspx

## શું હું સર્વેક્ષણના પરિણામો જોઇ શકું?

હા, સર્વેક્ષણના પરિણામો પ્રકાશિત થાય છે અને www.gp-patient.co.uk પર જોઇ શકાશે. તેઓ ઓનલાઇન ઉપલબ્ધ છે અને તમામ સામાન્ય ચિકિત્સક પ્રેક્ટિસને પણ ઉપલબ્ધ કરવામાં આવે છે. નોંધ લેવા વિનંતી કે ગયા વર્ષના સર્વેક્ષણોના પરિણામો www.gp-patient.co.uk દ્વારા ખાતે ઉપલબ્ધ છે.

જીપી પેશન્ટ સર્વેના પરિણામો અંગે વધુ માહીતી માટે કૃપા કરીને www.gp-patient.co.uk ની મુલાકાત લેવી.

## શું આ સર્વેક્ષણનું પરિણામ જીપીની આવકને અસર કરશે?

જીપી પેશન્ટ સર્વે 2019 માં સીધી રીતે ચૂકવણીથી પ્રેક્ટિસ સાથે સંકળાયેલી નથી.

# પ્રશ્નાવલિ પૂરી કરવી:

### શું મારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે?

આ પ્રશ્નોના જવાબ આપવા સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે, માટે તમારે જવાબ આપવા જ પડશે એવું નથી. પણ અમે આશા રાખીએ છીએ કે તમે ભાગ લેશો, કારણ કે આનાથી અમને લોકોના અનુભવોનું શ્રેષ્ઠ સંભવ ચિત્ર મળશે. કેટલાંક એવા પ્રશ્નો પણ છે, જે અમે તમને, તમે અગાઉ આપેલા જવાબોના આધારે છોડી દેવા કહીશું. દાખલા તરીકે, તમારે પ્રશ્ન 9 નો જવાબ તો જ આપવાનો છે, જો તમે પ્રશ્ન 8 નો જવાબ હા માં આપ્યો હોય, પણ કૃપા કરીને પ્રશ્નાવલિમાં આપેલ સૂચનાઓનું કાળજીપૂર્વક પાલન કરો.

### હું ચોકઠામાં ખરાની નિશાની કરું કે ચોકડી કરું?

તમે તમારા પોતાના અભિપ્રાય કે અનુભવની સૌથી વધુ નજીક આવતા હોય તે જવાબ માટે એક ચોકઠામાં ખરાની નિશાની કે ચોકડી, ગમે તે કરી શકો છો.

### મને કાગળ પર પ્રશ્નાવલિ પૂરી કરવામાં તકલીફ પડે તો શું થાય?

ઇફ્સોસ મોરી જેમને પ્રશ્નાવલિ પૂરી કરવામાં તકલીફ હોય તેવા દર્દીઓ માટે ટેલિફોન નંબર પૂરો પાડી રહ્યાં છે. કૃપા કરી અઠવાડિયા દરમ્યાન સવારે 8 થી રાત્રે 9 સુધી અથવા શનિવારે સવારે 10 થી સાંજે 5 સુધીમાં 0800 819 9140 પર ફોન કરો.

જે દર્દીઓ કાગળ પર પ્રશ્નાવલિ પૂરી કરવા ન માંગતા હોય, તેઓwww.gp-patient.co.uk ની મુલાકાત લઇને પ્રશ્નાવલિ ઑનલાઇન પૂરી કરી શકે. કૃપા કરી નોંધ લેશો કે દર્દી દીઠ એક જ પ્રતિભાવ સ્વીકાર્ય છે .

### પ્રશ્નાવલિના પ્રથમ પાના પરનું BSL ચિહ્ન શું છે?

પ્રશ્નાવલિના પ્રથમ પાના પરનું BSL ચિહ્ન, બ્રિટિશ સાઇન લેંગ્વેજ (મૂક-બધિરો માટેની ભાષા)નો લોગો છે.

બ્રિટિશ સાઇન લેંગ્વેજ (BSL) બ્રિટનમાં વપરાતી સર્વ સામાન્ય ઇશારાઓની ભાષા છે. ભાષા તરીકે BSL નું તેનું પોતાનું વ્યાકરણ અને રચનાશાસ્ત્ર છે અને તે બોલચાલની અંગ્રેજી પર આધારિત નથી કે તેની સાથે નજીકથી સંબદ્ધિત નથી.

જાન્યુઆરી 2009 થી GP પેશન્ટ સર્વેક્ષણ વિશે વધુ માહિતી અને સર્વેક્ષણનું એક ઓનલાઇન સ્વરૂપ બ્રિટિશ સાઇન લેંગ્વેજમાં સર્વેક્ષણ વેબસાઇટ www.gp-patient.co.uk દ્વારા ઉપલબ્ધ થશે.

ઓનલાઇન લિંક દ્વારા સર્વેક્ષણને પૂરું કરવા માટેની સૂચનાઓ પણ બ્રિટિશ સાઇન લેંગ્વેજમાં ઉપલબ્ધ થશે અને W3C એક્સેસિબિલિટી ધોરણો સાથે સંપૂર્ણપણે સુસંગત રહેશે.

### મેં એક ભૂલ કરી છે! હું શું કરું?

તમે કોઇ ભૂલ કરી હોય તો પણ અમે ઇચ્છીશું કે તમે અમને તમારી પૂર્ણ કરેલી પ્રશ્નાવલિ મોકલો. કૃપા કરી ખોટા જ્વાબ વાળું ખાનું પૂરેપૂરું ભરી દો અને પછી કાળજીપૂર્વક સાચા જ્વાબના ખાનામાં ખરાની નિશાની કરો.

**મારાથી મારી પ્રશ્નાવલિ ખોવાઇ ગઇ છે; તમે મને તેની બીજી નકલ મોકલી શકશો?**

અમે જેમણે તેમની પ્રશ્નાવલિ પાછી નથી મોકલાવી તેવા લોકોને યાદ કરાવવા માટે બીજી પ્રશ્નાવલિ મોકલીશું, તો આ તમને આવતા બે-એક અઠવાડિયામાં મળી જ્વી જોઇએ.

**શું હું પ્રશ્નાવલિ મારા સાથી/મિત્ર/અન્ય કોઇ વ્યક્તિને ભરવા માટે આપી શકું?**

ના, પત્રમાં જેનું નામ આપવામાં આવેલું છે તેના અનુભવો વિશે પ્રશ્નાવલિ પૂછે છે, માટે તમે પ્રશ્નાવલિ ભરવામાં મદદ લઇ શકો, પણ તમારે તેને તમારા પોતાના અનુભવો વિશે જ પૂરી કરવાની છે.

**શું હું બીજાઓ માટે મેં જે એપોઇંટમેન્ટ્સ લીધી હોય તેમના વિશે જ્વાબ આપી શકું?**

હા, પરંતુ પ્રશ્નના એક જ ભાગમાં. પ્રશ્નાવલિના મોટા ભાગના પ્રશ્નો પત્ર પર નામ ધરાવતા વ્યક્તિના અનુભવ વિશે પૂછે છે. 'એપોઇન્ટમેન્ટ લેવી' વિભાગમાં તમે બીજા લોકો માટે લીધેલી અપોઇન્ટમેન્ટ માટે પૂછેલા પ્રશ્નોના જવાબ મેળવી શકો છો.

**શું હું કોઇને પ્રશ્નાવલિ ભરવામાં મદદ કરી શકું?**

હા, તેનો વાંધો નથી. જો કોઇ મિત્ર કે સગાને પ્રશ્નાવલિ ભરવામાં તમારી મદદની જરુર હોય તો તમે તે આપી શકો. પણ જ્વાબો માત્ર તેમના અનુભવો વિશે જ હોવા જોઇએ.

**શું હું કોઇને પ્રશ્નાવલિ ભરવામાં મદદ કરવા કહી શકું?**

હા, તેનો વાંધો નથી. જો તમને પ્રશ્નાવલિ ભરવામાં મદદની જરુર હોય તો તમે કોઇ મિત્ર કે સગાને મદદ કરવા કહી શકો. પણ જ્વાબો માત્ર તમારા અનુભવો જ વિશે હોવા જોઇએ.

**શું મારે પત્ર પાછો મોકલવો પડશે?**

ના, તમારે તમને પૂરા પાડવામાં આવેલ ટપાલ ખર્ચ ચૂકવેલ પરબીડિયામાં માત્ર તમારી પૂરી કરેલી પ્રશ્નાવલિ જ મોકલવાની રહેશે.

## મેં ગયા અઠવાડિયે / ગયા મહિને / થોડા સમય પહેલા જ મારી પ્રેક્ટિસ બદલી, શું મારે તો પણ પ્રશ્નાવલિ પૂરી કરવી જોઈએ?

જો તમે પોતાનો GP આરોગ્ય વિભાગ નવેમ્બરથી બદલ્યો હોય તો, કૃપા કરી GP આરોગ્ય વિભાગ વિશે પ્રશ્નો પૂછતા પહેલા તમારા નોંધાયેલા આરોગ્ય વિભાગ વિશેના પ્રશ્નોના જવાબ આપો. જોકે, આરોગ્ય વિભાગના પ્રશ્નો માટે કૃપા કરી વિચારો કે બીજી કોઈ જગ્યાએ તમે આરોગ્ય વિભાગની અપોઇન્ટમેન્ટ લીધી હતી કે કેમ. આ કોઈ પણ આરોગ્ય વિભાગ હોય શકે જેમ કે GP આરોગ્ય વિભાગ અથવા હબ્સ.

## મેં ગયા વર્ષ દરમ્યાન મારા જીપીની મુલાકાત લીધી નથી, પણ મને પ્રશ્નાવલિ મોકલવામાં આવી છે. શું મારે તે પૂરી કરવી જોઈએ?

હા, જો તમે કોઈ GP આરોગ્ય વિભાગ સાથે નામ નોંધાવ્યું હોય - પછી ભલે તમે તાજેતરમાં કોઈ GP, નર્સ અથવા બીજા કોઈ હેલ્થકેર કર્મચારીની મુલાકાત ન લીધી હોય તો પણ તમારા જવાબો અમારા માટે કીમતી છે. સર્વેમાં પ્રશ્નો છે જે પૂછે છે કે છેલ્લે ક્યારે તમે કોઈ આરોગ્ય વિભાગની અપોઇન્ટમેન્ટ બનાવી હતી અને છેલ્લે ક્યારે આરોગ્ય વિભાગની અપોઇન્ટમેન્ટ લીધી હતી; આ અમને સમજવા મદદ કરશે કે તમારો અનુભવ નવો છે કે નહિ.

## હું મારા જીપી (ડૉક્ટર)ને મળતો/મળતી નથી, માત્ર પ્રેક્ટીસમાંના નર્સને જ મળું છું. શું હું તો પણ આ સર્વેક્ષણ ભરી શકું?

હા, તમે હજી પણ પ્રશ્નાવલિ પૂર્ણ કરી શકો છો. મોટા ભાગના પ્રશ્નો સમગ્રપણે આરોગ્ય વિભાગ વિશે છે, એમાં GP, નર્સ કે બીજા આરોગ્ય વિભાગના કર્મચારીઓની અપોઇન્ટમેન્ટ લેવાનો સમાવેશ કરે છે.

## મારે તેને ક્યારે મોકલવું જરૂરી બને છે?

કૃપા કરી તમારી ભરેલી પ્રશ્નાવલિ જેમ બને એમ જલદી પાછી આપો અને કૃપા કરી નોંધ લો કે એ આ તારીખ પહેલા કોઈ પણ હાલતમાં અમારી પાસે પહોંચે:

5 એપ્રિલ 2019

## મને મારા પત્ર સાથે કોઇ પરબીડિયું /પ્રશ્નાવલિ મળ્યા નથી?

જો આવું થયું હોય તો અમે દિલગીર છીએ. ટૂંક સમયમાં અમે તમને ફરી યાદ કરાવવા માટે એક પત્ર અને સાથે પ્રશ્નાવલિની નકલ મોકલીશું, માટે કૃપા કરી તમને સર્વે ક્ષણ મળે ત્યારે સર્વેક્ષણ પૂરું કરશો અને આપેલ પરબીડીયા મા પરત કરશો અથવા, જો તમારી પાસે પ્રશ્નાવલિ હોય, અને તમે અમને તે વહેલા મોકલવા માંગતા હો, તો કૃપા કરી પ્રશ્નાવલિને માત્ર "FREEPOST GP PATIENT SURVEY" લખેલ પરબીડિયામાં નાંખો. ટપાલ ટિકિટની જરૂર નથી.

# વેબસાઈટ પર/ઑનલાઈન પૂરું કરવું:

### શું હું સર્વેક્ષણને ઓનલાઈન પૂરું કરી શકું?

તમે આ સર્વેક્ષણને ઓનલાઈન પૂરું કરવાનું પસંદ કરો, તો www.gp-patient.co.ukની મુલાકાત લેવા વિનંતી અને સર્વેક્ષણની લિંકને અનુસરો. તમને વપરાશકર્તા માટે પૂછે ત્યારે, તમારો યુનિટ પાસવર્ડ સાથે, તમારો સંદર્ભ નંબર/વપરાશકર્તાનામ દાખલ કરવો જરૂરી બનશે. સંદર્ભ નંબર અને પાસવર્ડ એ પ્રશ્નાવલિના પ્રથમ પૃષ્ઠ પર છાપેલો છે. આમ છતાં, નોંધ લેવા વિનંતી કે દર્દી દીઠ માત્ર એક જ જવાબ સ્વીકારી શકાશે.

### સર્વેક્ષણ ઑનલાઈન પૂરું કરવા માટે જરૂરી મારી લોગ ઈનની વિગતો/ સંદર્ભ ખોવાઈ ગયો છે. શું મને તે ફરી મળી શકે?

હું દિલગીર છું કે હું તમને તમારા લોગિનની વિગતો આપી શકીશ નહીં કેમ કે મને કોઇપણ વ્યક્તિગત વિગતોનો એક્સેસ નથી. જો તમે સર્વેક્ષણને ઓનલાઇન પૂરું કરવા માંગો, તો કૃપા કરીને થોડાક અઠવાડિયાં રાહ જુઓ કેમ કે જેમણે સર્વેક્ષણ ભર્યું નથી તેઓ દરેકને અમે સ્મૃતિપત્રક મોકલીશું. તમે પ્રશ્નાવલિની બીજી નકલ મેળવશો અને પેપર પર સર્વેક્ષણ પૂરું કરવાનું પસંદ કરી શકો અથવા તેને ઓનલાઇન પૂરું કરવા સંદર્ભનો ઉપયોગ કરી શકો.

### મને ઑનલાઈન સર્વેક્ષણ પૂરું કરવા માટે યુઝરનેમ/ સંદર્ભ ક્રમાંક ક્યાંથી મળી શકશે?

સર્વેક્ષણ ઑનલાઈન પૂરું કરવા માટે યુઝરનેમ/ સંદર્ભ ક્રમાંક અને પાસવર્ડપ્રશ્નાવલિના પહેલા પાને કમ્પ્યુટરના ચિહ્નવાળા વિભાગમાં છાપેલ છે.

# ભાગ લેવો:

### મને પ્રશ્નાવલિ કેમ નથી મળી? હું તે કેવી રીતે મેળવી શકું?

પ્રશ્નાવલિ ઇંગ્લેન્ડમાં કોઇ જીપી સાથે નોંધાયેલા હોય તેવા લોકોમાંથી આયોજન વિના પસંદ કરાયેલ લોકોને મોકલવામાં આવી રહી છે. NHS Englandએ તેમના નામ કોઇ જ આયોજન વિના એનએચએસના કોઇ જીપી પાસે નોંધાયેલા દર્દીઓની યાદીમાંથી પસંદ કર્યાં છે. આ સર્વેક્ષણની ખરાઇ ટકાવી રાખવા માટે ઇપ્સોસ મોરી જેમને સર્વેક્ષણમાં ભાગ લેવા માટે આયોજન વિના પસંદ કરવામાં આવ્યા નથી, તેવા લોકોને પ્રશ્નાવલિ મોકલી શકે નહીં.

### અત્યારે મારી કોઇ જીપી સાથે નોંધણી થયેલી નથી, શું મારે તો પણ પ્રશ્નાવલિ પૂરી કરવી જોઇએ?

આ સર્વે એવા લોકોને મોકલવામાં આવી રહ્યો છે જેઓ કોઈ પણ GP આરોગ્ય વિભાગમાં છેલ્લા છ મહિનાથી નોંધાયેલા છે. તેથી, જો તમે આ સમયગાળા દરમિયાન નોંધાયેલા હો, પછી ભલે હમણા ન નોંધાયેલા હો, તોપણ તમે પ્રશ્નાવલિ ભરી શકો છો. કૃપા કરી એ સમયગાળા દરમિયાન (અથવા એ સમયગાળા દરમિયાન) તમે જે GP આરોગ્ય વિભાગ સાથે નોંધાયેલા હો તે આરોગ્ય વિભાગ વિશેના પ્રશ્નનોના જવાબો આપો. જોકે, આરોગ્ય વિભાગ વિશેના પ્રશ્નો માટે કૃપા કરી કોઈ પણ આરોગ્ય વિભાગ વિશે વિચારી શકો જ્યાં તમે અપોઇન્ટમેન્ટ લીધી હોય. આ કોઈ પણ આરોગ્ય વિભાગ હોઈ શકે જેમ કે GP આરોગ્ય વિભાગ કે હબ્સ.

### મેં હાલમાં મારા જીપીનો સંપર્ક કર્યો નથી, શું મારે તેમ છતાં પ્રશ્નાવલિ પૂરી કરવી જોઇએ?

હા, તમે હજી પણ પ્રશ્નાવલિ પૂર્ણ કરી શકો છો. જો તમને પ્રશ્ન લાગુ પડતો ન હોય તો કૃપા કરી ‘લાગુ નથી’ (જ્યાં સામેલ હોય) પસંદ કરો અથવા ખાલી રાખો. અમે માર્ગદર્શન આપતી સૂચનાઓ પણ સામેલ કરી છે જે તમને લાગુ ન પડતા પ્રશ્નોના જવાબ ટાળવા મદદ કરશે.

### જો મારે ભાગ ના લેવો હોય તો કોને સંપર્ક કરવો જોઇએ?

ભાગ લેવો સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે, પણ અમે આશા રાખીએ છીએ કે તમે ભાગ લેશો કારણ કે આ અમને તમે તમારા ડૉક્ટર પાસે જાવ અથવા તેમને ફોન કરો ત્યારના તમારા અનુભવો વિશે શ્રેષ્ઠ સંભવ માહિતી આપશે.

જો તમારે ભાગ ના લેવો હોય તો તમારે કઇ કરવાની જરુર નથી, જો કે હજી પણ તમને અમારા તરફથી કદાચ બે સ્મૃતિપત્ર મળશે કે જે તમે અવગણી પણ શકો છો. જો તમે તમારો સંદર્ભ નંબર મને કહો તો અમે કોઇપણ વધુ સ્મૃતિપત્રક મોકલવાની યાદીમાંથી તમારું નામ અને સરનામું દૂર કરી શકીએ છીએ, જો કે આગામી બે થી ત્રણ અઠવાડિયાંમાં મોકલવા માટે પહેલેથી તૈયાર કરેલ કોઇપણ સ્મૃતિપત્રકોને અમે અટકાવી શકીશું નહીં.

# સામાન્ય:

**0800 વાળા નંબર પર ફોન કરવાનો કેટલો ખર્ચ આવે છે?**

યૂકેના સામાન્ય લેન્ડલાઇન ફોન પરથી 0800 વાળા ટેલિફોન નંબર પર ફોન કરવાનો કોઇ ખર્ચ લાગતો નથી.

**ઇપ્સોસ મોરી શું છે?**

ઇપ્સોસ મોરી એક નોંધાયેલી અને સ્વતંત્ર સર્વેક્ષણ કરનારી સંસ્થા છે અને તે માર્કેટ રિસર્ચ સોસાયટીની નૈતિક આચાર સંહિતાનું ચુસ્તપણે પાલન કરે છે. ઇપ્સોસ યૂકે અને મોરી, જેમના વિશે તમે અલગ અલગ સાંભળ્યું હશે, ઓક્ટોબર 2005માં એકત્ર થયા અને તેમાંથી યૂકેની બીજી સૌથી મોટી સંશોધન એજન્સીનું નિર્માણ થયું. ઇપ્સોસ મોરીને માન્યતાપ્રાપ્ત મૂલ્યાંકન કરનાર સંસ્થા માર્કેટિંગ ક્વોલિટિ એશ્યોરન્સ (એમક્યુએ) તરફથી નવું આંતરરાષ્ટ્રીય પ્રક્રિયા ધોરણ ISO 20252 તેમ જ માહિતીની સુરક્ષા માટેનું આંતરરાષ્ટ્રીય ધોરણ ISO 27001 આપવામાં આવ્યું હતું, જે આ બંને ધોરણો મેળવનાર દુનિયાની પ્રથમ એજન્સી છે. ઇપ્સોસ મોરી વિશે વધુ માહિતી મેળવવા માટે કૃપા કરીને www.ipsos-mori.com પર જાવ.

# ગોપનીયતા અને ડેટા સંરક્ષણ:

આ વિભાગની માહિતી સમજાવે છે કે આ સંશોધન માટે અમે તમારા વ્યક્તિગત ડેટાનો ઉપયોગ કેવી રીતે અને શા માટે કરી રહ્યા છીએ, તમારા અધિકારો અને જો તમને તમારા ડેટાના ઉપયોગ વિશે કોઈ પ્રશ્નો અથવા ચિંતા હોય તો અમારો સંપર્ક કેવી રીતે કરવો.

## તમને મારી સંપર્ક માહિતી કેવી રીતે મળી?

Ipsos MORI તમને આ પ્રશ્નાવલિ NHS England વતી મોકલી રહ્યું છે. GP સાથે નોંધાયેલા દર્દીઓની NHS સૂચિમાંથી નામો યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા. NHS Englandએ તમારા વ્યક્તિગત ડેટાની મર્યાદિત પ્રમાણમાં આપ-લે કરી છે જેથી કરીને Ipsos MORI તમને આ સંશોધનમાં ભાગ લેવા માટે આમંત્રિત કરી શકે. આ ડેટામાં શામેલ છે:

- તમારું નામ અને સરનામું
- GP પ્રેક્ટિસ કોડ અને NHS નંબર
- લિંગ અને જન્મનો મહિનો/વર્ષ

થોડા લોકો માટે, Ipsos MORI વધારાની સંપર્ક વિગતો (મોબાઇલ નંબર અને ઇમેઇલ સરનામું) અને પૂર્ણ જન્મતારીખ રાખશે. તમને ઓનલાઇન સર્વેક્ષણમાં ભાગ લેવા આમંત્રણ આપતો ટેક્સ્ટ સંદેશ અથવા યાદ અપાવતી ઇમેઇલો પ્રાપ્ત થઈ શકે છે. NHS England ને તે સમજવામાં રસ છે કે શું દર્દીઓ પાસેથી માહિતી એકત્રિત કરવાની આ એક સારી રીત છે.

Ipsos MORI તમારી સંપર્ક વિગતો ગુપ્ત રાખશે અને ફક્ત તમને આ સર્વેક્ષણ મોકલવા માટે જ તેનો ઉપયોગ કરશે. સર્વેક્ષણ પૂર્ણ થતા, Ipsos MORI તમારી સંપર્ક વિગતોનો સુરક્ષિતરૂપે નાશ કરશે.  Ipsos MORI પાસે કોઇના સ્વાસ્થ્ય વિશેની કોઈપણ માહિતી નથી.

## મારા વ્યક્તિગત ડેટા પર પ્રક્રિયા કરવા માટેનો તમારો કાનુની આધાર શું છે?

NHS ને GP પ્રેક્ટિસ અને અન્ય સ્થાનિક NHS સેવાઓ સુધારવા માટે મદદ કરવા માટે NHS England આ સંશોધન કરી રહ્યું છે જેથી તેઓ સ્થાનિક જરૂરિયાતોને વધુ સારી રીતે પૂર્ણ કરી શકે.

NHS England, GP Patient Survey માટેના વ્યક્તિગત ડેટાની પ્રક્રિયા કરવા માટેના ડેટા નિયંત્રક છે, જેનો અર્થ એ છે કે તેઓ પ્રક્રિયા સામાન્ય માહિતી સુરક્ષા નિયમન (GDPR) નું પાલન કરે છે તેની ખાતરી કરવા માટે જવાબદાર છે. GP Patient Survey માટે કાયદેસર

પ્રક્રિયા માટે NHS England નો આધાર કલમ 6(1) (e) છે - *"જાહેર હિતમાં અથવા નિયંત્રણકર્તાને સોંપાયેલ સત્તાવાર અધિકારના ઉપયોગમાં કરવામાં આવેલ કાર્યની કામગીરી માટે પ્રક્રિયા કરવી જરૂરી છે"*. આનો અર્થ એ થયો કે NHS England, યોગ્ય સલામતી ઉદ્ભવમાં હોય તો સંશોધન માટે તમારા વિશેના વ્યક્તિગત ડેટાનો ઉપયોગ કરી શકે છે. Ipsos MORI એ ડેટા પ્રોસેસર છે કે જે સર્વેક્ષણ પહોંચાડવા માટે NHS England ની સૂચનાઓ પર કાર્ય કરે છે.

તમે NHS England ની ગોપનીયતા સૂચના https://www.england.nhs.uk/contact-us/privacy/privacy-notice/ પર જોઈ શકો છો.

સર્વેક્ષણમાં ભાગ લેવો એ સ્વૈચ્છિક છે અને કોઈપણ જવાબ તમારી સંમતિથી આપવામાં આવે છે. જો કે, જો તમે ભવિષ્યમાં ભાગ લેવા માંગતા ન હોવ તો કૃપા કરીને તમે ભાગ લેવા નથી માંગતા તે જણાવવા તમારો સર્વે નંબર (પત્રની ટોચ પર અથવા પ્રશ્નાવલીના આગળના ભાગમાં છે), gppatientsurvey@ipsos.com ને મોકલો

## શું આ સર્વેક્ષણમાં રાષ્ટ્રીય ડેટા ઑપ્ટ-આઉટ લાગુ કરવામાં આવ્યું છે?

ના. Department of Health and Social Care પુષ્ટિ કરી છે કે રાષ્ટ્રીય ડેટા ઑપ્ટ-આઉટ ત્યારે જ લાગુ પડે છે જ્યારે દર્દીની ગુપ્ત માહિતીનો ઉપયોગ વ્યક્તિની સંભાળ સિવાયના અન્ય હેતુઓ માટે કરવામાં આવે છે. દર્દીની ગોપનીય માહિતીમાં, વ્યક્તિ વિશે ક્લિનિકલ ડેટા (જેમ કે કોઈપણ પ્રાપ્ત થયેલ તબીબી સ્થિતિ, પ્રિસ્ક્રિપ્શનો અથવા સંભાળ), અને વ્યક્તિગત વિશેની કોઈપણ માહિતી કે જે વ્યક્તિના તબીબી રેકોર્ડ દ્વારા ઍક્સેસ કરવામાં આવી હોય, તે શામેલ છે. GP Patient Surveyમાં વસ્તી વિષયક ડેટા અને સંપર્કની વિગતોનો ઉપયોગ કરવામાં આવે છે જે GP પ્રેક્ટિસના દર્દીની નોંધણીના રેકોર્ડમાંથી લેવામાં આવે છે અને સર્વેક્ષણ કરાયેલ વ્યક્તિઓને પસંદ કરવા અને સંપર્ક કરવા માટે સંપર્ક કરી શકે છે. આ વ્યક્તિગત ડેટાને ગોપનીય દર્દીની માહિતી તરીકે વર્ગીકૃત કરવામાં આવી નથી કારણ કે કોઈ ક્લિનિકલ માહિતીનો ઉપયોગ અથવા ઍક્સેસ કરવામાં આવ્યું નથી. જેમ કે, GP Patient Surveyમાં રાષ્ટ્રીય ડેટા ઑપ્ટ-આઉટ લાગુ પડતું નથી.

## શું તમને મારા આરોગ્ય ડેટા સુધી પહોચ મળી છે?

ના, બિલકુલ નહીં. Ipsos MORI ને ફક્ત તમારા GP પ્રેક્ટિસ કોડ અને NHS નંબર, નામ, સરનામું, મહિનો અને જન્મ વર્ષ અને લિંગ આપવામાં આવ્યું છે. થોડા લોકો માટે, Ipsos MORI વધારાની સંપર્ક વિગતો (મોબાઇલ નંબર અને ઇમેઇલ સરનામું) રાખશે. NHS England એ Ipsos MORI ને તમારા સ્વાસ્થ્ય વિશે કોઈ માહિતી આપી નથી - આ તમારા અને તમારા GP વચ્ચે ગુપ્ત રહે છે.

Ipsos MORI ને તમારો NHS નંબર આપવામાં આવે છે જેથી જો તમે અગાઉ સર્વેક્ષણમાંથી ઑપ્ટ-આઉટ કર્યો હોય તો તેઓ ફરીથી તમારો સંપર્ક કરશે નહીં તેની ખાતરી કરવા માટે તેઓ તમને ઓળખી શકે તમારી સંપર્ક વિગતોનો ઉપયોગ સર્વેક્ષણ સંબંધિત તમારો સંપર્ક કરવા માટે કરવામાં આવે છે, અને GP કોડનો ઉપયોગ ફક્ત GP પ્રેક્ટિસના જવાબોને લિંક કરવા માટે કરવામાં આવશે.

જન્મનો મહિનો અને વર્ષ અને જાતિના વિશેની માહિતીનો ઉપયોગ ફક્ત તે ખાતરી કરવા માટે કરવામાં આવશે કે અનામિક સર્વેક્ષણ ડેટા શક્ય તેટલી નજીકથી પ્રેક્ટિસની વસ્તી પ્રોફાઇલ સાથે મેળ ખાય છે.

## તમારું નામ અને સરનામું કોની સાથે શેર થયેલ છે

Ipsos MORIસર્વેક્ષણ ચલાવવા માટે અમુક સપ્લાયર સંસ્થાઓ સાથે કામ કરી રહ્યો છે, અને તે હેતુ માટે આ સપ્લાયર સંસ્થાઓને તમારું નામ અને સરનામું જાહેર કરવાની જરૂર રહેશે. તેઓ સર્વેક્ષણ માટે તમારા કોઈપણ જવાબો જોતા નથી અથવા પ્રાપ્ત કરતા નથી. આ સપ્લાયર સંસ્થાઓમાં શામેલ છે:

- Adare SEC; પત્રો અને પ્રશ્નાવલિ છાપવા
- Text Local; ટેક્સ્ટ સંદેશ રીમાઇન્ડરનું વિતરણ
- Whistl and Royal Mail; વિતરણ અને પોસ્ટેજ

આ સપ્લાયર સામાન્ય ડેટા સંરક્ષણ નિયમનને માન્ય અને સુસંગત છે.

## કૂકીઝ

કેટલાક ઓનલાઇન સર્વે 'કૂકીઝ' ના ઉપયોગ દ્વારા માહિતી એકત્રિત કરે છે. તમારા કોમ્પ્યુટર પર સંગ્રહિત ત્યાં નાની ફાઈલ છે. આ ફાઇલોનો ઉપયોગ શક્ય તેટલા ઓછા પ્રમાણમાં અને માત્ર ગુણવત્તા નિયંત્રણ, માન્યતા અને વધુ મહત્ત્વનું, તમે પહેલાથી જ પૂર્ણ કરેલ ઓલિન સર્વે માટે તમને રિમાઇન્ડર્સ મોકલતા અટકાવવા માટે ઉપયોગમાં લેવાય છે. તમારા કમ્પ્યુટર પર બ્રાઉઝર સેટિંગ્સને સમાયોજિત કરીને તમારા માટે 'કૂકીઝ' દૂર કરવું અથવા તેનો ઉપયોગ રોકવો શક્ય છે.

Ipsos MORI પણ તમારા કમ્પ્યુટરનો ઉપયોગ કરી રહેલા સોફ્ટવેરને અનુરૂપ ફોર્મમાં સર્વેક્ષણની પ્રશ્નાવલી વિતરિત કરવામાં આવી છે તેની ખાતરી કરવા માટે આપમેળે તમારી ઓપરેટિંગ સિસ્ટમ વિશે માહિતી મેળવશે, સેટિંગ્સ અને IP સરનામા સહિત બ્રાઉઝરના પ્રકાર બતાવશે. Ipsos MORI તમારા કમ્પ્યુટરથી કોઈપણ અન્ય માહિતી મેળવતા નથી.

## મારા જવાબોનું શું થાય છે?/ શું મારા ડૉકટર આ સર્વેક્ષણના મારા જવાબો જોશે?

તમારા જવાબો અન્ય લોકોના જવાબો સાથે મૂકવામાં આવ્યા છે અને તમારા નામ, સરનામાં અથવા NHS નંબર સાથે જોડાયેલા નથી. તમારા જવાબો Ipsos MORI દ્વારા અને NHS England ના માન્ય સ્ટાફ અને સંશોધકો દ્વારા ગોપનીય રાખવામાં આવશે. પ્રકાશિત થતા કોઈપણ પરિણામોમાં કોઈ તમને ઓળખવામાં સમર્થ હશે નહીં.

તમારા જવાબો તમારા ડૉકટર અથવા GP પ્રેક્ટિસને પાછા મોકલવામાં આવતા નથી. NHS England વતી Ipsos MORI, આ વેબસાઇટ પર તમારી પ્રેક્ટિસના અન્ય પ્રતિસાદ સાથે તેમને અજ્ઞાત રૂપે પ્રકાશિત કરશે: https://gp-patient.co.uk/surveysandreports

## NHS England ના માન્ય સ્ટાફ અને સંશોધનકારો કોણ છે અને તેઓ તારણોનો ઉપયોગ કેવી રીતે કરી શકે છે?

વ્યક્તિગત દર્દી સ્તરે સર્વેક્ષણ ડેટાનો ઉપયોગ કરવા માટે સક્ષમ થવા માટે, NHS England અને અન્ય સંસ્થાઓ દ્વારા કાર્યરત તમામ સ્રોત સંશોધનકારોએ પરવાનગી માટે અરજી કરવી આવશ્યક છે. દરેક એપ્લિકેશનને સખત મંજૂરી પ્રક્રિયામાંથી પસાર થવું આવશ્યક છે, જે કાર્ય કરવામાં આવશે તેનો ઉલ્લેખ કરશે, એક કરાર સાથે કે કોઈપણ પ્રકાશન ફક્ત સંપૂર્ણ અનામી ડેટાનો સંદર્ભ લેશે. અન્ય બધા વપરાશકર્તાઓ ફક્ત રાષ્ટ્રીય, CCG અથવા પ્રેક્ટિસ સ્તર પર અનામી ડેટાને ઍક્સેસ કરી શકે છે.

## મારો વ્યક્તિગત ડેટા ક્યાં રાખવામાં આવશે અને તેની પ્રક્રિયા કરવામાં આવશે?

આ સર્વેક્ષણ માટે વપરાયેલ અને એકત્રિત કરેલા તમારા તમામ વ્યક્તિગત ડેટા Ipsos MORI દ્વારા યુનાઇટેડ કિંગડમના ડેટા સેન્ટર અને સર્વરોમાં સંગ્રહિત કરવામાં આવશે.

## તમે મારી વ્યક્તિગત માહિતી સલામત છે તેની ખાતરી કેવી રીતે કરશો?

Ipsos MORI તેની માહિતી સુરક્ષા જવાબદારીઓને ગંભીરતાથી લે છે અને તમારી માહિતી ખોટ, ચોરી અથવા દુરૂપયોગથી સુરક્ષિત છે તેની ખાતરી કરવા માટે વિવિધ સાવચેતીઓને લાગુ કરે છે. સુરક્ષા સાવચેતીઓમાં કાર્યાલયોની યોગ્ય ભૌતિક સુરક્ષા અને કમ્પ્યુટર સિસ્ટમોની નિયંત્રિત અને મર્યાદિત ઍક્સેસનો સમાવેશ થાય છે. વ્યક્તિગત માહિતી સુરક્ષિત રૂપે સંગ્રહિત થાય છે અને પ્રોજેક્ટમાં સીધા સંકળાયેલા કર્મચારીઓ દ્વારા જ જોઇ શકાય તે માટે કડક પગલાં લેવામાં આવ્યા છે.

Ipsos MORI તેની માહિતી સુરક્ષા નિયંત્રણ અને કાર્યકારી પદ્ધતિઓનું નિયમિત આંતરિક અને બાહ્ય ઓડિટ કરાવે છે, અને માહિતી સુરક્ષા માટેના આંતરરાષ્ટ્રીય ધોરણ, ISO 27001 માં માન્યતા પ્રાપ્ત છે.

પ્રશ્નોના તમારા વ્યક્તિગત જવાબો તમારા નામ, સરનામાં અથવા NHS નંબર સાથે જોડાયેલા નથી. Ipsos MORI, અને NHS England ના માન્ય સ્ટાફ અને સંશોધનકારો, વ્યક્તિગત જવાબોને ગોપનીય માને છે અને સામાન્ય ડેટા સંરક્ષણ નિયમનના તમામ પાસાઓ અને જોગવાઈઓ અને સુરક્ષિત સંગ્રહ માટેની આવશ્યકતાઓ સહિતના તમામ અન્ય સંબંધિત કાયદાઓનું પાલન કરે છે.

## Ipsos MORI કેટલો સમય મારો અંગત ડેટા અને ઓળખી શકાય તેવા જવાબો જાળવી રાખશે?

Ipsos MORI ફક્ત તમારા ડેટાને એવી રીતે જાળવી રાખશે કે જે તમને સંશોધન પ્રોજેક્ટ અને તારણોને ટેકો આપવા માટે જરૂરી હોય ત્યાં સુધી ઓળખી શકે. પ્રેક્ટિસમાં, આનો અર્થ એ છે કે એકવાર જ્યારે અમે અનામી સંશોધન તારણોને સંતોષકારક રીતે જાણ કરીશું, ત્યારે તમારા વ્યક્તિગત, ઓળખાણ આપતા ડેટા અને અમારા સપ્લાયર્સના ડેટાને અમારી સિસ્ટમમાંથી અમે સુરક્ષિત રીતે દૂર કરીશું.

આ અધ્યયન માટે, અમે તારણો પ્રકાશિત થયાના બે મહિના પછી અમારા સિસ્ટમમાંથી તમારા વ્યક્તિગત ડેટાને સુરક્ષિત રીતે દૂર કરીશું.

## મારા ડૉક્ટર આ સર્વેક્ષણમાં કેવી રીતે શામેલ છે?

ઇંગ્લેન્ડમાં GP સાથે નોંધાયેલા લોકોની યાદૃચ્છિક પસંદગી મારફત પ્રશ્નાવલિ મોકલવામાં આવી રહી છે, અને તમારું નામ NHS England દ્વારા લેવામાં આવેલા GP સાથે નોંધાયેલ દર્દીઓની સૂચિમાંથી યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યું હતું.

GP પ્રેક્ટિસને જાણ હોવી જોઈએ કે સર્વેક્ષણ થઈ રહ્યો છે. સર્વેક્ષણ પૂર્ણ થયા પછી, તેમની પાસે આ વેબસાઇટ https://gp-patient.co.uk/surveysandreports દ્વારા ઉપલબ્ધ તેમની પ્રેક્ટિસ માટે અનામિક, આંકડાકીય પરિણામો સુધીની પહોંચ હશે, પરંતુ વ્યક્તિગત જવાબો સુધી પહોંચ નહીં હોય.

## શું સર્વેક્ષણને નૈતિક મંજૂરી મળી છે?

2007 માં પહેલું સર્વેક્ષણ શરૂ કરતા પહેલા, Ipsos MORI એ Central Office for Research Ethics Committee (COREC) ની સલાહ લીધી હતી અને સલાહ આપવામાં આવી હતી કે આ

સર્વેક્ષણ 'શુદ્ધ સંશોધન' કરતાં 'સેવા મૂલ્યાંકન' છે – તેમના દર્દીઓ માટે GP દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાનું મૂલ્યાંકન કરવા માટે. પરિણામે, આ સર્વેક્ષણમાં ઔપચારિક તબીબી સંશોધન માટે નૈતિક મંજૂરીની જરૂર હોતી નથી. જો કે, Ipsos MORI Market Research Societyના સંશોધન નીતિશાસ્ત્રના કોડનું સખત પાલન કરે છે, અને પૂરી પાડવામાં આવેલ દર્દીની વિગતો આ સર્વેના હેતુ સિવાય અન્ય કંઈપણ માટે ઉપયોગમાં લેવામાં આવતી નથી.

## સામાન્ય ડેટા સંરક્ષણ નિયમન (GDPR)

GDPR માં ઘણા બધા અધિકારો શામેલ છે, તેમ છતાં, હટાવવા અને ડેટા પોર્ટેબીલીટીના અધિકાર સહીત, આ બધા લાગુ પડતા નથી જ્યાં પ્રક્રિયા માટેનો કાનૂની આધાર એ જાહેર કાર્ય છે.

તમને કોઈપણ વ્યક્તિગત ડેટા કે જે ભુંસી નાંખવામાં આવે તે પહેલાં Ipsos MORI દ્વારા રાખવામાં આવે છે, તેના ઉપયોગની વિનંતી કરવાનો અધિકાર છે. તમે તમારી સંમતિ પાછી ખેંચી શકો છો અને તમે પ્રદાન કરો છો તે તમારા વ્યક્તિગત ડેટા અથવા સર્વેક્ષણ જવાબોની પ્રક્રિયા સામે, રિપોર્ટ કરવા માટે ડેટાની પ્રક્રિયા થાય તે પહેલાં કોઈપણ સમયે, વાંધો ઉઠાવી શકો છો.

અમારે સામાન્ય રીતે એક મહિનાની અંદર તમારા અધિકારોના સંબંધમાં જવાબ આપવો જોઈએ, જો કે તેમાં કેટલાક અપવાદો છે. NHS Englandની ગોપનીયતા સૂચના તમારા અધિકારો અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે સમજાવે છે.
https://www.england.nhs.uk/contact-us/privacy-notice/

જો તમને તમારા વ્યક્તિગત ડેટા પર પર અમે જે રીતે પ્રક્રિયા કરીએ છીએ તેના વિશે કોઈ ચિંતા હોય, તો તમને Information Commissioner's Office (ICO) માં ફરિયાદ નોંધાવવાનો અધિકાર છે. તમે માહિતી કમિશનરની ઑફિસનો સંપર્ક કેવી રીતે કરવો તે બાબતે https://ico.org.uk/global/contact-us/ પર અથવા ઇમેઇલ મોકલીને: casework@ico.org.uk વિગતો મેળવી શકો છો.

## આ સર્વે અને/અથવા મારા વ્યક્તિગત ડેટા વિશે હું Ipsos MORI અને NHS England નો સંપર્ક કેવી રીતે કરી શકું?

### Ipsos MORIનો સંપર્ક કરો:

જો તમને આ સંશોધન વિશે કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરીને સંશોધન ટીમનો સંપર્ક કરો. તેમનો સંપર્ક આ દ્વારા કરી શકાય છે:

ઇમેઇલ: GPPatientSurvey@ipsos.com

પોસ્ટ:

The GPPS Team - Ipsos MORI
3 Thomas More Square
London E1W 1YW

અમારી ગોપનીયતા સૂચના વિશે, ડેટા સંરક્ષણના કાયદાઓનું પાલન અથવા અમે તમારા વિશે રાખેલી માહિતી વિશે જો તમને કોઈ પ્રશ્નો હોય અથવા વધુ માહિતીની જરૂર હોય, તો કૃપા કરીને અમારા પાલન વિભાગનો સંપર્ક કરો. તેમનો સંપર્ક આ દ્વારા કરી શકાય છે:

ઈમેલની વિષય પંક્તિમાં “19-071872-01 GPPS” સાથે compliance@ipsos.com પર ઈમેલ કરો

પોસ્ટ:

Ref: 19-071872-01 GPPS
Compliance Department
Ipsos MORI
3 Thomas More Square
London E1W 1YW

**NHS England નો સંપર્ક કરો:**

ઇમેઇલ: england.contactus@nhs.net

ટેલિફોન: 0300 311 22 33

પોસ્ટ:

NHS England
PO Box 16738
Redditch
B97 9PT